અપીલ અરજી નં.૪૨૨ તા.૨૭–૩–૦૯

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૬–૨–૦૯ ની અરજીથી મ્યુ.કમિ.શ્રી રાવ સાહેબના સમયગાળામાં ઉધનાઝોનના કાર્યક્ષેત્રમાં જે જે મિલ્કતો સીલ કરી કોર્પોરેશને પોતાના હસ્તકગત કરી હતી તે મિલ્કતો પૈકીની જે.કે.મોટર્સ, ગણેશ લગેજ તથા ધ્રુવ એપાર્ટમેન્ટ વાળી મિલ્કતોના સીલ જે તે મિલ્કતધારકો ધ્વારા કયારે કયારે ખોલવામાં આવ્યા ? વિ.મુદ્દા નં.૧ થી ૫ અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૭–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૨૨ /૨૦૦૮–૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૬–૨–૦૯ ની અરજીથી મ્યુ.કમિ.શ્રી રાવ સાહેબના સમયગાળામાં ઉધનાઝોનના કાર્યક્ષેત્રમાં જે જે મિલ્કતો સીલ કરી કોર્પોરેશને પોતાના હસ્તકગત કરી હતી તે મિલ્કતો પૈકીની જે.કે.મોટર્સ, ગણેશ લગેજ તથા ધ્રુવ એપાર્ટમેન્ટ વાળી મિલ્કતોના સીલ જે તે મિલ્કતધારકો ધ્વારા કયારે કયારે ખોલવામાં આવ્યા? વિ.મુદ્દા નં.૧ થી ૫ અંગે માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫ તા.૬–૪–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને તેઓ તરફથી તા.૭–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૩૧ તા.૨૧–૪–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. જે મુજબ મુદ્દા નં.૧ માં જે. કે. મોટર્સ, ગણેશ લગેઝ તથા ધ્રુવ એપાર્ટમેન્ટ વાળી મિલ્કતોના સીલ જે તે મિલ્કતધારકો ધ્વારા કયારે ખોલવામાં આવ્યા તેની અત્રેની કચેરીએ કોઈ વિગત ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૨/૩ માં આ મિલ્કતો પૈકી ધ્રુવ એપાર્ટમેન્ટવાળી મિલ્કતના બાંધકામ બાબતે અત્રેની કચેરીને જાણ થતા અત્રેથી ગેરકાયદેસર બાંધકામ બાબતે નોટીસ આપી સ્થળ પર કામ બંધ કરાવેલ. મુદ્દા નં.૪ માં ડે.કમિશ્નરશ્રી મહેશસીંગના અત્યાર સુધીના ફરજકાળ દરમ્યાન આ મિલ્કતધારકો વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. મુદ્દા નં. ૫ માં જે.કે. મોટર્સ ધ્રુવ એપાર્ટમેન્ટવાળી મિલ્કતમાં અત્રેના ખાતા ધ્વારા નળ/ગટર જોડાણ આપવામાં આવેલ નથી તેમજ ગણેશ લગેઝનું નળ જોડાણ ઘણું જુનું કાયદેસર છે પરંતુ તેના ડોકયુમેન્ટસ અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી અને આ મિલ્કતને ગટર જોડાણ અત્રેના ખાતા ધ્વારા આપવામાં આવેલ નથી તેવી માહિતી આપવામાં આવેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૬–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) ,.......જાણ તથા અમલ માટે.
(૨)શ્રી રમેશ કે. જાંગીડ